પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૪ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧, ગુરૂવાર; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હવે, મોટેરા સ્ટેડીયમ, નરેન્દ્ર મોદી સ્ટેડીયમ

## ૧.૩૨ લાખ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતું મોટેરા ક્રિકેટ સ્ટેડિયમ વિશ્વનું આગવું અને અનોખું સ્ટેડિયમ બની રહેશે

ગાંધીનગર, તા. ૨૪

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આજે અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એક્લેવનું ભૂમિપૂજન અને વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું લોકાર્પણ કર્યુ હતુ.

તેમણે આ પ્રસંગે કહ્યું કે આ ક્રિકેટ સ્ટેડિયમનું "નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ" નામાધિમાન કરવામાં આવ્યુ છે. આ સ્ટેડિયમની પરિકલ્પના નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ કરી હતી અને ગુજરાત ક્રિકેટ એસોશિએશનના પ્રમુખ બનીને તેને સાકાર કરવા માટે બળ પૂરૂ






પાડ્યું હતું.

રાષ્ટ્રપતિશ્રીએ તેમના પ્રવચનની શરૂઆત "કેમ છો, મને વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમના ઉદ્ઘાટન કરીને આનંદ થયો છે" તેવા ગુજરાતી શબ્દો સાથે કરીને ઉપસ્થિતો નાગરિકોનું તાળીઓથી અભિવાદન મેળવ્યું હતું.

તેમણે કહ્યું કે ચાર દસક પહેલા આ ક્રિકેટ સ્ટેડિયમના ઉદ્ઘાટન કરવા માટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહ આવ્યા હતા. આજે પુનઃનિર્માણ પામેલ અત્યાધુનિક ક્રિકેટ સ્ટેડિયમનો ઉદ્ઘાટન કરવાનો અવસર મને સાંપડ્યો છે જે માટે હું પોતાને ભાગ્યશાળી સમજૂ છું.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના પ્રભાવિત દસ રાજ્યોમાં કેન્દ્ર દ્વારા ટીમ મોકલવા નિર્ણય

**દેશમાં કોરોના મહામારીએ ફરીવાર માથું ઊંચક્યું : મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મ.પ્ર, ગુજરાત, પંજાબ, કર્ણાટક, તમિલનાડૂ, પ.બંગાળ, જમ્મુ-કાશ્મીર સામેલ**

નવી દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના મહામારીએ ફરીવાર માથુ ઉચકતા કેન્દ્ર સરકારે પ્રભાવિત દસ રાજ્યોમાં કેન્દ્રિય ટીમ મોકલાવાનો નિર્ણય કર્યો છે. આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, પંજાબ, કર્ણાટક, તમિલનાડૂ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ-કાશ્મીર સામેલ છે. આ દસ રાજ્યોમાં કોરોના સંક્રમણની સ્થિતિ ગંભીર બનતી જોવા મળી રહી છે. અચાનક વધી રહેલા કોરોના સંક્રમણના કેસને લઈને કેન્દ્ર સરકારે મંગળવારે સાંજે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી અને આ પહેલા કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોને દૈનિક સ્તરે આરટી-પીસીઆર ટેસ્ટિંગ વધારવાની સૂચના આપી હતી.

# દેશમાં કોરોનાનો નવો સ્ટ્રેન વધારે ગંભીર

**પીજીઆઇએમઇઆર ચંડીગઢના ડાયરેક્ટરે આશંકા વ્યક્ત કરી**

ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોના વાયરસ મહામારી થોડા સમયથી એકદમ નિયંત્રણમાં આવી ગઈ હતી. પરંતુ અચાનક ફરી માથુ ઉચક્યું છે. તેમાં પણ કોરોના વાયરસના નવા સ્ટ્રેને તો મુશ્કેલીઓ વધારી દીધી છે. બ્રિટન, સાઉથ આફ્રિકા અને ગલ્ફ દેશો બાદ હવે ભારતમાં પણ કોરોનાના નવા સ્ટ્રેને પગ પેસારો કર્યો છે.

ભારતમાં વાયરસનો નવો સ્ટ્રેન ઘુસી ગયો હોવાનું સાબિત થયું છે. પીજીઆઈએમઈઆર ચંડીગઢના ડાયરેક્ટે એ વાતની આશંકા વ્યક્ત કરી છે કે, દેશમાં કોરોનાનો નવો સ્ટ્રેન વધારે સંક્રમણ ફેલાવી શકે છે.

પીજીઆઈએમઈઆર ચંડીગઢના ડાયરેક્ટે જણાવ્યું હતું કે, ભારતમાં જણાઈ આવેલો કોરોના વાયરસનો નવો સ્ટ્રેન બ્રિટન કરતા પણ વધારે ઘાતક છે, આ નવો સ્ટ્રેન વધારે સંક્રામક હોઈ શકે છે. આ સ્થિતિમાં કોરોનાના નવા કેસને ફેલાતો રોકવા માટે શક્ય તેટલા તમામ પ્રયાસ કરવા જોઈએ. વર્તમાનમાં આપણી પાસે હોસ્પિટલ (ચંડીગઢ)માં કોરોનાના ૫૫ કેસ છે. છેલ્લા બે જ અઠવાડિયામાં આ કેસો વધ્યા છે.

જોકે કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર સહિત અન્ય કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસોમાં થયેલો વધારો કોરોનાના નવા વેરિએંટ એન૪૪૦કે અને ઈ૪૮૪ક્યુ સાથે કોઈ લેવાદેવા નથી. આઈસીએમઆરના જણાવ્યા પ્રમાણે આ નવા સ્ટ્રેન કોરોના કેસમાં થયેલા વધારાનું કારણ નથી.

# રસીકરણનો બીજો તબક્કો ૧લી માર્ચથી આરંભાશે

**૬૦ વર્ષથી વધુના લોકોને કોવિડ-૧૯ની રસ અપાશે : કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરની મહત્વપૂર્ણ જાહેરાત : સરકારી કેન્દ્રો ઉપર રસીકરણ નિઃ શુલ્ક રહેશે, ખાનગી કેન્દ્રો, હોસ્પિટલોમાં રસીની કિંમત ચૂકવવાની રહેશે, બે-ત્રણ દિવસમાં કિંમત જાહેર કરશે**

નવી દિલ્હી, તા. ૨૪

કોરોના રસીકરણ અભિયાનનો બીજો તબક્કો ૧ માર્ચથી શરૂ થશે. આમાં ૬૦ વર્ષથી ઉપરના લોકોને રસી આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે બુધવારે કહ્યું કે આવા લોકોની સંખ્યા ૧૦ કરોડથી વધુ છે. જાવડેકરે જણાવ્યું હતું કે, બીજા તબક્કામાં ૧૦,૦૦૦ સરકારી કેન્દ્રો અને ૨૦,૦૦૦થી વધુ ખાનગી કેન્દ્રો પર રસી આપવામાં આવશે. કેબિનેટ બ્રીફિંગ દરમિયાન જાવડેકરે



જણાવ્યું હતું કે, સરકારી કેન્દ્રો પર રસીકરણ નિઃ શુલ્ક રહેશે. જો કે, ખાનગી કેન્દ્રો / હોસ્પિટલોમાં રસીની કિંમત ચૂકવવાની રહેશે. આ કિંમત કેટલી હશે? તેનો નિર્ણય આરોગ્ય મંત્રાલય લેશે. રસીકરણના બીજા તબક્કામાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો પણ શામેલ હશે, જે કો-મોર્બિડ છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, 'સરકારી હોસ્પિટલોમાં રસી મફત હશે અને ખાનગીમાં રસી લેનારાઓને કિંમત ચૂકવવી પડશે. આરોગ્ય વિભાગ બે-ત્રણ દિવસમાં કિંમત જાહેર કરશે. હવે તમામ સંબંધિત ઉત્પાદકો અને હોસ્પિટલો સાથે ચર્ચા કરવામાં આવશે.'

ભારતમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને કો-મોર્બિડિટીઝનો સામનો કરતા લોકોને રસી માટે સેલ્ફ રજિસ્ટ્રેશન કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. આ લોકો તે સ્થાનને પણ પસંદ કરી શકશે જ્યાં તેમને રસી લેવાની છે. આ માટે મોબાઈલ એપ્લિકેશનમાં બદલાવ કરવામાં આવ્યા છે. અગાઉ ૫૦ વર્ષથી વધુ ઉંમરનાને નોંધણી કરાવી દેવાની ચર્ચા થઈ હતી, પરંતુ તે વધારીને ૬૦ વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

# પુંડુચેરીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાને કેન્દ્રની મંજૂરી

**પુડુંચેરીમાં સીએમ નારાયણસ્વામીએ રાજીનામું આપ્યા બાદ અન્ય કોઇ પક્ષે સરકાર બનાવવાનો દાવો ન કર્યો**

નવી દિલ્હી,તા.૨૪

પુડુંચેરીમાં કોંગ્રેસ સરકારે સત્તા ગુમાવતા કેન્દ્રિય મંત્રીમંડળે પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણ કરતા પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. પુડુંચેરીમાં સરકાર તૂટ્યા બાદ બીજેપી કે અન્ય પાર્ટીઓએ સરકાર બનાવવાનો દોવો રજૂ કર્યો ન હતો. જે પછી ઉપરાજ્યપાલની ભલામણ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય મંત્રીમંડળે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણને મંજૂરી આપી હતી. બેઠક પછી સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે પુડુંચેરીમાં સીએમ નારાયણસ્વામીના રાજીનામું આપ્યા બાદ અન્ય કોઈ પક્ષે સરકાર બનાવવાનો દાવો માંડ્યો ન હતો, જેથી રાજ્યપાલે વિધાનસભા ભંગ

● અનુસંધાન પાન-૭ પર

# યમુના એક્સપ્રેસ વે પર ટેન્કર કાળ બની કાર પર ફરી વળ્યું, ૭નાં મોત

મથુરા,તા.૨૪

આગ્રા-દિલ્હી યમુના એક્સપ્રેસ વે પર ફરી એક વાર દુઃખદ અકસ્માત સર્જાયો હતો. મંગળવારે મોડીરાતે એક હાઈ સ્પીડ ટેક્રર બેકાબૂ થઈને ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઘટનાસ્થળે જ ૨ મહિલાઓ સહિત કારમા સવાર તમામ ૭ લોકોનાં મોત નીપજ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં જ પોલીસ એક્સપ્રેસ વેના જવાનો સહિતની રેસ્કયુ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ અકસ્માત મથુરા-અલીગઢ બોર્ડર પર સ્થિત થાણા નૌજિલ વિસ્તારના માઈલ સ્ટોન ૬૮ નજીક બન્યો હતો. મૃત્યુ પામેલા લોકો હરિયાણાના જીંદના રહેવાસી હતા. મળતી માહિતી મુજબ નોઈડા તરફથી આવતું ટેક્રર બેકાબૂ થઈ ગયું હતું અને ડિવાઈડર તોડી બીજી બાજુ ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઈનોવામાં સવાર લોકો નોઈડા તરફ જઈ રહ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે કારના તમામ સાત મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયંકર હતો કે, કારના કચ્ચરઘાણ વળી ગયો હતો.

# ટ્રાફિક જામ થાય તો ગાડીઓ ટોલ ચુકવ્યા વીના જવા દેવાશે

**તમામ ટોલ પ્લાઝાની દરેક લેન પર ટોલ લેવાની કેબિનથી એક નિશ્ચિત અંતરે એક અલગ રંગની લાઈન બનાવાશે**

નવી દિલ્હી, તા. ૨૪

દેશના વિવિધ હાઈવે પરના ટોલ પ્લાઝા પર ટ્રાફિક જામ વધી જાય તો ગાડીઓને ટોલ ચુકવ્યા વગર જવા દેવાની યોજના પર કેન્દ્ર સરકાર કામ કરી રહી છે.

સરકારે જે યોજના બનાવી છે તે પ્રમાણે દેશના તમામ ટોલ

● અનુસંધાન પાન-૭ પર

# મુસાફરોને રેલવે પ્લેટફોર્મ પરથી ડિસ્પોઝેબલ ધાબળા-ચાદર અપાશે

**રેલવેમાં મુસાફો માટે રાહતના સમાચાર : કોરોનાને લીધે મુસાફરોને ઘરેથી ધાબળા લાવવા કહેવાયું હતું, હવે લોકો તે ખરીદી શકશે અને ઘરે લઈ જઈ શકશે**

નવી દિલ્હી, તા. ૨૪

ટ્રેનમાં મુસાફરી કરનારાઓ માટે રેલવે દ્વારા એક મહત્વની જાહેરાત કરવામાં આવી છે.જે અનુસાર હવે રેલ્વે પ્લેટફોર્મ પર મુસાફરોને ડિસ્પોઝેબલ ધાબળા અને ચાદર આપવામાં આવશે.

આ પહેલા કોરોના વાયરસના કારણે ટ્રેનોના એસી કોચમાં અપાતા બેડરોલ બંધ કરાયા હતા અને પડદા પણ હટાવી દેવાયા હતા.એ પછી ટ્રેન સેવાઓ શરુ થઈ ત્યાર મુસાફરોને ઘરેથી ધાબળા કે ચાદર લાવવા માટે કહેવાયું હતું.

# ખેડૂતો ૪૦ લાખ ટ્રેક્ટરથી સંસદને ઘેરશે : રાકેશ ટિકૈત

**સરકાર ન ઝૂકતા ખેડૂત નેતા વધુ આક્રમક બન્યા : ખેડૂતોને દિલ્હી માર્ચ માટે તૈયાર રહેવા ખેડૂત નેતા રાકેશ ટિકૈતનું સિકરમાં મહાપંચાયત દરમિયાન આહવાન**

નવી દિલ્હી, તા. ૨૪

ખેડૂત નેતા રાકેશ ટિકૈતે જાહેરાત કરી છે કે, આ વખતે ખેડૂતો ૪૦ લાખ ટ્રેક્ટરથી સંસદનો ઘેરાવ કરશે. ટિકૈતે ખેડૂતોને દિલ્હી માર્ચ માટે તૈયાર રહેવા પણ જણાવ્યું છે. ટિકૈત રાજસ્થાનના સીકરમાં સંયુક્ત કિસાન મોરચાની કિસાન મહાપંચાયતને સંબોધન કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે, જો કેન્દ્ર સરકાર કૃષિ કાયદાને પાછો નહીં ખેંચે તો આ વખતે સંસદને ઘેરી લેવા માટે આહ્વાન કરાશે અને ત્યાં ચાર લાખ નહીં પરંતુ ૪૦ લાખ ટ્રેક્ટર જશે. તેમણે ખેડૂતોને તૈયાર રહેવા કહ્યું કારણ કે ગમે ત્યારે દિલ્હીની જવા માટે આહ્વાન થઈ શકે છે.

તેમણે કહ્યું, દિલ્હી કાન ખોલીને સાંભળે, ખેડૂતો પણ એ જ છે અને ટ્રેક્ટરો પણ એ જ છે. આ વખતે આહ્વાન સંસદ માટે હશે. આ વખતે ચાર લાખ નહીં પણ ૪૦ લાખ ટ્રેક્ટરો જશે. ટિકૈતે કહ્યું કે ખેડૂત ઈન્ડિયા ગેટ પાસેના પાર્કમાં ખેતી કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે સંસદની ઘેરવા માટે સંયુક્ત કિસાન મોરચા દ્વારા તારીખ નક્કી કરવામાં આવશે.

૨૬ જાન્યુઆરીની ઘટના અંગે ટિકૈતે કહ્યું, ૨૬ જાન્યુઆરીએ બનેલી ઘટના મામલે દેશના ખેડુતોને બદનામ કરવાનું કાવતરું રચાયું હતું. દેશના ખેડૂતોને તિરંગાથી પ્રેમ છે પરંત આ દેશના નેતાઓને નથી. ટિકૈતે કહ્યું કે, સરકારને ખેડૂતોનો ખુલ્લો પડકાર છે..

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Vશાલ
SUPER MARKETની આજ
ક્લોઝઅપ
(૧૫૦ ગ્રામ)
રૂ. ૬૫/-
સેક્ટર-૬/કુડાસણ

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર -૨૨, ગાંધીનગર
9909555191

